ગાંધીનગર સમાચાર

# ‘ન્યૂ એજયુકેશન પોલિસી’ વિષય પર જીટીયુ દ્વારા વેબીનાર

**સ્ટાર્ટઅપ, ઈનોવેશન અને ક્રિએટિવિટીને પ્રોત્સાહન મળી રહે અને બાળકનો સર્વાંગી વિકાસ થાય તે પ્રકારે નવી શિક્ષણ નીતિ ઘડવામાં આવી છે : ભૂપેન્દ્રસિંહ ચુડાસમા**

ગાંધીનગર, તા. ૧૪

કાર્યક્રમના મુખ્ય અતિથિ અને ગુજરાત રાજ્યના શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું હતું કે, ‘નવી શિક્ષણ નીતિ એ ભારતની ઓળખ છે. છેલ્લા ૩૪ વર્ષમાં પ્રથમ વખત આ પ્રકારની શિક્ષણ નીતિનું ઘડતર કરવામાં આવ્યું છે. જે આપણા દેશના ભાવી એવા બાળકોનો સર્વાંગી વિકાસ કરશે. ભારત સૌથી વધુ યુવા ધરાવતો દેશ છે, જેથી કરીને આ નીતિમાં યુવાનોના ઘડતર બાબતે, ખુબજ ભાર મૂકાયો છે. પ્રાઈમરી એજ્યુકેશનથી લઈને પી.એચ.ડી સુધીના અભ્યાસક્રમો બાબતે પણ તમામ પ્રકારનું ધ્યાન રાખવામાં આવ્યું છે. આ ઉપરાંત વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ થાય તે હેતુસર, તેમના અભ્યાસક્રમમાં ક્રિએટિવિટી, ઈનોવેશન , સ્ટાર્ટઅપ વગેરેને સાંકળીને એક ઉત્તમ પ્રકારની શિક્ષણ નીતિનું ઘડતર કરવામાં આવ્યું છે. જેનાથી આજનો વિદ્યાર્થી વિશ્વની કોઈપણ યુનિવર્સિટીના વિદ્યાર્થી સાથે તંદુરસ્ત સ્પર્ધામાં ભાગ લઈને આગળ વધી શકે.

કેન્દ્ર સરકાર દ્વારા તાજેતરમાં જ નવી શિક્ષણ નીતિને આગામી વર્ષોમાં લાગુ કરવા માટેના સકારાત્મક પગલાં ભરવામાં આવ્યા છે. જેને અનુલક્ષીને ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી (જીટીયુ ) ના ઈન્ટર્નલ ક્વૉલિટી એસ્યોરન્સ વિભાગ દ્વારા ‘ન્યુ એજયુકેશન પોલીસી-૨૦૨૦’ વિષય પર વેબીનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય અતિથિ સ્થાને ગુજરાત રાજ્યના શિક્ષણ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, મુખ્ય અધ્યક્ષ સ્થાને જીટીયુના કુલપતિ પ્રો. ડો. નવીન શેઠ ઉપસ્થિત રહ્યા હતા. આ



ઉપરાંત જીટીયુના કુલસચિવ ડો. કે.એન.ખેર અને જીટીયુ જીસેટના ડિરેક્ટર પ્રો. ડો. એસ.ડી. પંચાલ ડિજિટલ માધ્યમ થકી ઉપસ્થિત રહ્યા હતા. આ વેબીનારના મુખ્ય વક્તા તરીકે વલ્લભ વિદ્યાનગરની સરદાર પટેલ યુનિવર્સિટીના કુલપતિ પ્રો. ડો. શિરીષ કુલકર્ણી અને શિક્ષા સંસ્કૃતિ ઉત્થાન ન્યાસ, દિલ્હીના નેશનલ સેક્રેટરી શ્રી અતુલ કોઠારી દ્વારા નવી શિક્ષણ નીતિ પર વ્યાખ્યાન આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે રાજ્યની ટેકનિકલ અને નોન ટેકનિકલ યુનિવર્સિટીના કુલપતિશ્રીઓ અને શિક્ષણવિદો પણ ઉપસ્થિત રહ્યા હતા.

વેબિનારના મુખ્ય અધ્યક્ષ અને જીટીયુના કુલપતિ પ્રો. ડો. નવીન શેઠે જણાવ્યું હતું કે, ‘નવી શિક્ષણ નીતિ આગામી દિવસમાં શિક્ષણ ક્ષેત્રમાં આમૂલ પરિવર્તન કરીને વડાપ્રધાનના આત્મનિર્ભર ભારત અભિયાનને ચોક્કસ પ્રકારે વેગવંતુ બનાવશે. ગુજરાતની કોઈ પણ યુનિવર્સિટી નવી શિક્ષણ નીતિના પ્રચાર અને પ્રસાર હેતુસર વેબીનાર સંબંધિત કોઈ પણ ટેકનિકલ મદદની જરૂરિયાત જણાય તો, જીટીયુ દ્વારા તમામ પ્રકારની સુવિધા વિનામૂલ્યે ઉપલબ્ધ કરાવવામાં આવશે.’

મુખ્ય વક્તા અને સરદાર પટેલ યુનિવર્સિટીના કુલપતિ પ્રો. ડો. શિરીષ કુલકર્ણીએ નવી શિક્ષણ નીતિથી આગામી દિવસમાં ઉચ્ચતર અભ્યાસમાં વિદ્યાર્થીઓને કેવા પ્રકારના ફાયદા થશે. તે બાબતે ચર્ચા કરી હતી . જ્યારે શિક્ષા સંસ્કૃતિ ઉત્થાન ન્યાસ, દિલ્હીના નેશનલ સેક્રેટરી અતુલ કોઠારી પ્રારંભિક શિક્ષાથી લઈને રિસર્ચ સુધીના તમામ પ્રકારના વિદ્યાર્થીઓની હિતલક્ષી સકારાત્મક બાબતોની વિસ્તૃત રીતે ચર્ચા કરી હતી. આ સમગ્ર વેબિનારનું આયોજન જી.એસ. એમ.એસના એસોસિયેટ પ્રોફેસર ડો. કૌશલ ભટ્ટ દ્વારા કરવામાં આવ્યું હતું.

# ‘શ્રુતિઃ ટ્વેન્ટી૨૦ વેબિનાર થકી જ્ઞાન, માહિતી અને કોઠાસૂઝ વિકાસની પ્રવૃતિ

ગાંધીનગર, તા. ૧૪

ગુજરાત યુનિવર્સિટી સમાજશાસ્ત્ર વિભાગ, અમદાવાદના ઉપક્રમે સમાજશાસ્ત્રના વિદ્યાર્થીઓ અને અધ્યાપક મિત્રો સમાજશાસ્ત્રની સાથે જુદા જુદા વિષય અને તેના દ્રષ્ટિકોણથી સમાજને સમજે એ હેતુથી ‘શ્રુતિઃ ટ્વેન્ટી૨૦ વેબિનાર શ્રેણી’નું આયોજન વિભાગના સહ પ્રાધ્યાપક ડૉ.રાજેન્દ્ર જાનીએ કર્યુ હતુ. જેમાં એમ.એ.,એમ. ફિલ. અને પીએચ.ડી. સ્કોલર્સ, સમાજશાસ્ત્ર ઉપરાંત વિવિધ વિષયના અધ્યાપકશ્રીઓએ નિયમિત રીતે જોડાઈને યુ-ટ્યૂબ વેબિનારને ભારે સફળતા અપાવી હતી.

દરરોજ એકંદરે ૫૦૦ જેટલા સહભાગીઓ પ્રિમિયર વેબિનારમાં ઉપસ્થિત રહેતા હતા. અન્ય શ્રોતાઓ એમની અનુકુળતાએ કાર્યક્રમ માણી શકે એ માટે યુટ્યૂબ ઉપર તમામ વ્યાખ્યાનો સામેલ કરાયા છે. આ શ્રેણીમાં સમાજશાસ્ત્રના જેઓ વિદ્યાર્થી કે અધ્યાપક નથી પણ વિવિધ ક્ષેત્રમાં જેમની સમજ-નિસ્બત શ્રેયસ્કર સમાજની રહી છે તેવા તજજ્ઞોએ બે સપ્તાહ દરમિયાન વિવિધ વિષય ઉપર ભૂમિકારૂપ વ્યાખ્યાન આપ્યા હતા.




‘શ્રુતિઃ ટ્વેન્ટી-૨૦’ વેબિનાર શ્રેણી દ્વારા કોવિડ દરમિયાન ઘરમાં રહો, સ્વસ્થ અને સલામત રહોના સૂત્રને અમલી બનાવવા સાથે વિદ્યાર્થીઓને જ્ઞાન, માહિતી અને આંતરીક સૂઝ વિકસાવવાના આશય સાથે અભ્યાસકીય અને શૈક્ષિક પ્રવૃતિ હાથ ધરવામાં આવી છે. આનંદની વાત એ પણ છે કે વર્ચ્યુઅલ વેબિનારમાં વિદ્યાર્થીઓ અને અધાપકશ્રીઓ ઉપરાંત વાલીઓ પણ્ એમાં હોંશભેર જોડાય છે. આયોજકશ્રી માટે એ ખુશી પમાડનારી બાબત બની રહી છે. સમગ્ર શ્રેણીને સફળ બનાવવામાં ગુજરાત યુનિવર્સિટીના પીએચ.ડી. સ્કોલર હિતેન્દ્ર સોલંકીએ સક્રીયતા સાથે કામગીરી સંભાળી રહ્યા છે. દ્વિ-સાપ્તાહિક વ્યાખ્યાન શ્રેણી ‘શ્રુતિઃ ટ્વેન્ટી૨૦ ભાગ-૨ અંતર્ગત મુંબઈ સ્થિત જાણીતા પત્રકાર શ્રી દિપક સોલિયાએ ‘સમાજ વિશે પાયાની સમજ’ વિષય ઉપર મનનીય વ્યાખ્યાન આપ્યુ હતુ.શ્રી સોલિયાના વ્યાખ્યાનની મજા એ રહી કે સમાજશાસ્ત્રના વિદ્યાર્થીઓને કે જેઓ અભ્યાસક્રમના ભાગરૂપે વર્ગમાં સમાજ વિષે ભણતા હોય તેવા વિદ્યાર્થીઓને એક પત્રકાર સમાજને કેવી રીતે જુવે છે એ દ્દિષ્ટિકોણથી સમાજને સમજાવ્યો હતો. આ ઉપરાંત જાણીતા વક્તા – પ્રવકતા અને ભાષા ઉપાસક એવા ડી.સી.એમ. કૉલેજ, વિરમગામ, ગુજરાતી વિભાગના પ્રોફેસર ડૉ. અશ્વિન આણદાણીએ “સભા સંચાલન કળા” વિષય પર, તત્વજ્ઞાન વિભાગ, ગુજરાત યુનિવર્સિટીના પ્રોફેસર ડૉ. દ્યુતિ યાજ્ઞિકે “‘બહુસંસ્કૃતિવાદ’ ઉપર, શ્રી ગુલાબકુંવરબા આયુર્વેદ મહાવિદ્યાલય, જામનગરના આચાર્ય અને સ્વસ્થવૃત્ત એવં યોગ વિભાગના અધ્યક્ષ પ્રા. વૈદ્ય અર્પણ અં. ભટ્ટે ‘વ્યાધિક્ષમત્વમાં મનની ભૂમિકા - એક પ્રાચ્ય દૃષ્ટિકોણ’ વિષય ઉપર વ્યાખ્યાન આપ્યુ હતું. ગુજરાત કોમર્સ કોલેજ અમદાવાદના તથા આર. સી. કોલેજ ઓફ કોમર્સ અમદાવાદના મદદનીશ પ્રાધ્યાપક ડૉ. પાર્થ રશ્મિકાંત ભટ્ટે નેટ/જીસેટ/ પીએચ.ડી. એન્ટ્રન્સ ટેસ્ટ અંગે માર્ગદર્શન’ (ટીચિંગ એન્ડ રિસર્ચ એપ્ટિટ્યૂડ) વિષય ઉપર સળંગ બે વ્યાખ્યાનો લઈને વિદ્યાર્થીઓની નેટ-સેટ પરીક્ષાનામદદનીશ પ્રાધ્યાપક અને જાણીતા યુવા વક્તા ડૉ. જયેન્દ્રસિંહ જાદવે ‘ભારતીય શિક્ષણ અને સમાજ’ વિષય ઉપર સામાન્ય અભ્યાસના પ્રશ્નપત્ર અંગે ખૂબ સુંદર રીતે માર્ગદર્શિત કર્યા હતા.

# શ્રીલા પ્રભુપાદનો ૧૨૪મો વ્યાસ પૂજા મહોત્સવ ઉજવવામાં આવ્યો

ગાંધીનગર, તા. ૧૪

વિશ્વવ્યાપી હરેકૃષ્ણ ચળવળના સ્થાપક-આચાર્ય શ્રીલા પ્રભુપાદના જન્મ થયાના દિવસને વ્યાસ પૂજા તરીકે ઉજવવામાં આવે છે. શ્રીલા પ્રભુપાદનો જન્મ નંદોત્સવના દિવસે (જન્માષ્ટમીના બીજા દિવસે) વર્ષ ૧૮૯૬ માં થયો હતો.

વેદોનો ઉદ્‌ભવ સર્વોચ્ચ ભગવાન શ્રી કૃષ્ણમાંથી થયો છે. ભગવાન શ્રી કૃષ્ણએ આ વૈદિકજ્ઞાન બ્રહ્માંડના સર્જક ભગવાન બ્રહ્માને આપ્યું હતું. બ્રહ્માએ તેમના પુત્ર નારદને આપ્યું , જેમણે આ જ જ્ઞાન વ્યાસદેવને આપ્યું. વ્યાસદેવે વૈદિક જ્ઞાનનું સંકલન કર્યું અને સાથોસાથ અઢાર પુરાણોની રચના પણ કરી. તેમના આધ્યાત્મિક ગુરુ નારદની સૂચના હેઠળ, તેમણે શ્રીમદ્‌ ભાગવતમ્‌ પણ લખ્યું, જેને નિષ્કલંક પુરાણ કહેવામાં આવે છે. તેમણે વિશ્વભરમાં આ જ્ઞાનનો ફેલાવો તેમના શિષ્યો દ્વારા કર્યો હતો.




વ્યાસદેવથી ઉતરતા ઉત્તરાધિકારની આ પરંપરામાં આવતા એક વિશ્વાસપાત્ર આધ્યાત્મિક ગુરુ(સ્પીરીચ્યુલ માસ્ટર)ને વ્યાસ દેવનો પ્રતિનિધિ માનવામાં આવે છે. શ્રીલ પ્રભુપાદ આ શિસ્ત અનુગામીમાં ૩૨માં આચાર્ય છે અને તેમના શિષ્યો તેમના જન્મના આ દિવસને વ્યાસ પૂજા તરીકે ઉજવે છે. વિશ્વવ્યાપી હરે કૃષ્ણ ચળવળના ભક્તો માટે આ વર્ષનો સૌથી મહત્વપૂર્ણ તહેવાર છે. આ દિવસે ભક્તો બપોર સુધી ઉપવાસ કરે છે. આધ્યાત્મિક ગુરુને અર્પણ કરવા માટે વિવિધ વાનગીઓ બનાવવામાં આવે છે, જેને ભગાવન શ્રી કૃષ્ણને અર્પણ કરવામાં આવે છે. શ્રધ્ધાળુઓ શ્રીલા પ્રભુપાદના મહિમાનું ગુણગાન કરતા તેમના દ્વારા રચિત કૃતિનું ગાન કરીને આદર આપે છે. શ્રીલ પ્રભુપાદનો ભવ્ય અભિષેક કરવામાં આવે છે અને બધા ભક્તોને પ્રસાદનું વિતરણ કરવામાં આવે છે.

## સાચી સ્વતંત્રતા

**તિરંગો ફરકાવી, સ્વતંત્રતાને સલામ કરીએ,**
**ભારતના શૌર્યનો સંદેશ વિશ્વમાં ફેલાવીએ.**
**કોમવાદ, પ્રદેશવાદ, ભાષાવાદને હટાવીએ,**
**દુશ્મનો સામે લડી આઝાદી અમર રાખીએ.**
**જ્ઞાતિ, જાતિ, લિંગના ભેદભાવ ભૂલીએ,**
**સમરસતા ને સ્વતંત્રતા ગાન ગાઈએ.**
**કરોડો કરને કામ સાથે જોડીએ,**
**આર્થિક સ્વતંત્રતાની આબાદી પામીએ.**
**જળ, વાળુ, અન્નને પ્રદૂષણથી બચાવીએ,**
**સ્વતંત્રતા સાર્થક કરી આત્મનિર્ભર બનીએ.**
**વિકાસને વિશ્વાસનો રાહ અપનાવીએ,**
**સાચી સ્વતંત્રતાથી સુખ સમૃદ્ધિ પામીએ.**
**સંવિધાન અને અખંડિતતાનું ગૌરવ કરીએ,**
**ભારત માનો જગતમાં જય ઘોષ કરીએ.**
**- જશવંત ગાંધી**

# શું ટ્રાવેલીંગ ક્ષેત્રમાં કારકિર્દી બહાવી શકાય...?




નમસ્કાર. “કરિયર કોર્નર” કૉલમ ને વાચકમિત્રો તરફ થી ખૂબ જ સારો પ્રતિસાદ પ્રાપ્ત થઈ રહ્યો છે. વિદ્યાર્થીઓ, વાલીઓ અને દરેક વાચકમિત્રો ને કરિયર વિષે અને કરિયર ને લગતા વિવિધ વિકલ્પોની માહિતી આપવી એજ અમારો મુખ્ય ઉદ્દેશ્ય છે.આપના કરિયરને લગતી કોઈ પણ મૂંઝવણ હોય એને દૂર કરવાનો અમે સતત પ્રયાસ કરીએ છીએ.

હવે આપ અમને ફેસબુક પર કરી શકો છો: facebook.com/HardikParikhOfficial પર.

તમારા કરિયરને લગતા પ્રશ્નો અમને મોકલી આપો અને અમારા તજજ્ઞો એના સચોટ જવાબ આપશે. આપના પ્રશ્ન સાથે આપનું નામ, ઉમર, ઈમેલ id, મોબાઈલ નંબર, અભ્યાસ અને શહેરનું નામ ચોક્કસ લખવું.

**૧. હું સી.ડી.એસ ની પરીક્ષા ની તૈયારી કરું છું. ત્યાર બાદ લેવામાં આવતી એસ.એસ.બી.ની પરીક્ષા વિષે માહિતી આપશો.**

**- વૈભવી ઘાનાણી, દીવ**

આપે જણાવ્યા અનુસાર આપ સી.ડી.એસ એટ્લે કે ‘કમ્બાઈન્ડ ડિફેન્સ સર્વિસિઝ’ પરીક્ષા ની તૈયારી કરો છો.વાચકમિત્રો ને જણાવી દઈએ કે આ પરીક્ષા ઉતીર્ણ કર્યા બાદ આપ આર્મી, એરફોર્સ અને નેવી માં આપ ઓફિસર લેવલે દેશ ની સેવા કરવાનો મોકો મળે છે.પણ આ પરીક્ષા પાસ કર્યા બાદ આપે યુ.પી.એસ.સી દ્વારા જ યોજવામાં આવતી એસ.એસ.બી એટ્લે કે સર્વિસ સિલેકસન બોર્ડ ની પરીક્ષા પાસ કરવાની હોય છે.આ પરીક્ષા થકી આપની શારીરિક અને માનસિક શક્તિ ની ચકાસણી કરવામાં આવે છે. એરફોર્સ માટે



આપે બી.એસ.સી ફિઝીક્સ અને ગણિત સાથે અથવા એન્જીનિયરીંગ ક્ષેત્રે ડિગ્રી મેળવેલ હોવી જરૂરી છે અથવા આપે કોઈ પણ યુનિવર્સિટીમાંથી સ્નાતક કક્ષા સુધીનો અભ્યાસ કરેલ હોવો જરૂરી છે.અને મિલેટરી એટ્લે કે આર્મી માટે આપે કોઈ પણ ક્ષેત્ર માંથી ડિગ્રી મેળવેલ હોવી જરૂરી છે.એસ.એસ.બી પરીક્ષા કુલ પાંચ દિવસ સુધી ચાલે છે.જેમાં પ્રથમ દિવસે આપનો આત્મવિશ્વાસ અને પાયા ની બાબતો નો સમાવેશ થાય છે.ત્યાર બાદ બીજા દિવસે આપનો સાયકોલોજિ ટેસ્ટ થાય છે.જેમાં આપણે કોઈ એક ચિત્ર બતાવવા માં આવી શકે છે અને આપે એ ના પરથી આપે સંક્ષિપ્ત માં બોલવાનું હોય છે.અથવા આપે એ ચિત્ર પરથી વાર્તા નું નિર્માણ કરવું પડતું હોય છે.ત્યારબાદ ત્રીજા અને ચોથા દિવસે ગ્રૂપ ડિસ્કસન અને નિબંધ લેખન નું આયોજન કરવામાં આવે છે અને છેલ્લા દિવસે કોન્ફરન્સ રાઉન્ડ હોય છે.અને જણાવી દઈએ કે આ દિવસો દરમિયાન કોઈ પણ દિવસે પર્સનલ ઈન્ટરવ્યુ નું આયોજન કરવામાં આવે છે. આમ આ વિવિધ આયામોને પાર કરી આપ સફળતા પ્રાપ્ત કરી શકો છો.

**૨. હું કોલેજના પ્રથમ વર્ષમાં અભ્યાસ કરું છું. મને ટ્રાવેલ કરવાનો ખૂબ શોખ છે. શું હું આ ક્ષેત્રમાં કારકિર્દી બનાવી શકું?**

**- આદેશ પટેલ, ગાંધીનગર**

સૌપ્રથમ તો આપને જણાવી દઈએ કે આપ હાલ જે અભ્યાસ કરી રહ્યા છો અને આપ આપની કારકિર્દી બનાવવા માંગો છો એ તદ્દન વિભિન્ન વિષયો છે.આપે જણાવ્યુ એ પ્રમાણે આપને ટ્રાવેલિંગ માં રસ છે.હવે કોઈ વિષય પ્રત્યે રસ હોવો અને એ વિષય ને કારકિર્દી બનાવવી પણ અલગ અલગ પાસા આપણે કહી શકીએ.આપે જેમ લખ્યું છે એમ આપને ટ્રાવેલિંગ માં રસ છે તો ટ્રાવેલિંગ માં એટ્લે કે ફરવામાં રસ કોણે ન હોય?મોટા ભાગના બધા લોકો ને ફરવાનો શોખ હોય છે.એટ્લે એ દરેક વ્યક્તિ આ વિષય માં કારકિર્દી બનાવી શકે એ જરૂરી નથી.હા પણ જે વ્યક્તિ ખરેખર આ વિષય માં ઊંડો ઉતારવા માંગે છે અને પરિશ્રમ કરી આગળ વધવા માંગે છે એ જરૂર જઈ શકે છે.હવે આ કારકિર્દી માં આપ વિવિધ એકાધિક ક્ષેત્ર માં જઈ ને આપનું ભવિષ્ય ઉજ્જ્વળ બનાવી શકો છો.જેમ કે ટૂરિસ્ટ ગાઈડ, ટૂરિસ્ટ મેનેજર, ટ્રાવેલ ઓફિસર, ટ્રાવેલ એજન્ટ વગેરે.હવે ઉપર જણાવ્યા મુજબ ફક્ત રસ હોવાના કારણે આપ કોઈ ક્ષેત્ર માં આગળ ના વધી શકો.ટ્રાવેલિંગ ક્ષેત્ર ની વાત કરીએ



તો એના માટે સૌપ્રથમ તો આપને દેશ અને દુનિયા ની ભૌગોલિક સ્થિતિ વિશે પૂરી જાણકારી હોવી જરૂરી છે.એ સિવાય લીડરશિપ,કોમ્યુનિકેશન સ્કિલ,શંશોધન કરવાની ઈચ્છા, દેશ-દુનિયા ના નવા નિયમો વિષે પૂરી જાણકારી,ટિકિટ અને પાસપોર્ટ વિષે તથા ટ્રાવેલિંગ માટે ઉપયોગી દરેક નાની વસ્તુ વિષે પૂરી જાણકારી હોવી આવશ્યક છે.અને આપ જો ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી સિવાય પણ અન્ય દેશ ની ભાષા નું જ્ઞાન ધરાવતા હશો તો આપ આ ક્ષેત્ર દેશ અને વિદેશ માં પણ વધુ સારી રીતે પ્રગતિ કરી શકો છો.આ માટે ભારત માં ઘણી સંસ્થા માં આ વિષયક કોર્સ પણ ચાલે છે.જેમ કે ધોરણ ૧૨ પછી આપ ટ્રાવેલ અને ટૂરિઝમ મેનેજમેન્ટ માં બી.એ કરી શકો છો.તથા માસ્ટર ઓફ ટૂરિઝમ એડમીનીસ્ટ્રેશન (એમ.ટી.એ) જેવા કોર્સ પણ કરી શકો છો.

**૩. મે આ વર્ષે જ ધોરણ ૧૦ પાસ કરેલ છે. હું ડિપ્લોમા એન્જીનિયરીંગમાં અભ્યાસ કરવા માંગુ છું.તો કયા અભ્યાસક્રમ ઉપર પસંગગી કરવી? માહિતી આપશો.**

**- અનીતા માળી, અમદાવાદ**

સૌ પ્રથમ તો એક સ્પષ્ટતા ખાસ કરવાની જરૂર છે કે ડિપ્લોમાં એડમિશન માટે ફોર્મ જમા કરાવતી વખતે, કયા ડિપ્લોમા કે કઈ કોલેજમાં એડમિશન જોઈએ છે તે પસંદગી દર્શાવવાની નથી. જ્યારે એડમિશન માટે બોલાવવામાં આવે ત્યારે જ આપણે આપણી પસંદગી (કયા ડિપ્લોમા અભ્યાસક્રમ / કઈ સંસ્થા) દર્શાવવાની છે. સામાન્ય રીતે જે મિત્રો એન્જિનિયરિંગ ક્ષેત્રમાં જ કારકિર્દી ક્ષેત્રમાં જ કારકિર્દી બનાવવા ઈચ્?છતા હોય, પરંતુ ધોરણ ૧૨ સાયન્સન અભ્યાસક્રમમાં ઓછા ટકા આવ્યા હોય કે ધોરણ ૧૨ સાયન્સ ઓછા ટકા આવશે તો ?’ એવી શંકા હોય તેઓ આ ધોરણ ૧૦ પછીના ડિપ્લોમા અભ્યાસક્રમમાં પ્રવેશ લેવાનું પસંદ કરે છે. ડિપ્લોમા એન્જિનિયરિંગના કયા અભ્યાસક્રમમાં પ્રવેશ લેવો તે સવાલ લગભગ દરેક વિધાર્થી કે વાલીને મૂંઝવે છે જ. કયો અભ્યાસક્રમ સારો તે કઈ રીતે નક્કી કરવું ? જો કે કોઈ પણ ડિપ્લોમા અભ્યાસક્રમને સારો કે ખરાબ એમ વર્ગીકૃત ન જ કરી શકાય. જે અભ્યાસક્રમમાંમાં વિદ્યાર્થીને રસ પડે તે જ કોર્સ સારો કહેવાય. દા.ત.,ઓટોમોબાઈલ એન્જિનિયરિંગ એ એક બહુ જ સારો અભ્યાસક્રમ છે જ. પરંતુ જે વ્યક્તિ જરા પણ ‘હાથ કાળા કરવા’ ન તૈયાર હોય તેને તેમાં જરા પણ રસ નહિ પડે. આથી આપણને જે અભ્યાસક્રમમાં રસ પડે તેવો જ અભ્યાસક્રમ પસંદ કરવો. કારણ જેમાં રુચિ હોય તે કોર્સમાં વધુ સારી રીતે અભ્?યાસ કરી શકાય. આપણને કયા કોર્સમાં રસ પડશે અથવા કયો કોર્સ સારો રહેશે તે નક્કી કરવા તમારે જાતે જ રિસર્ચ કરવું પડશે અને કેટલાક



સવાલોના જવાબ મેળવવા પડશે. જેમકે જે તે ડિપ્લોમા અભ્યાસક્રમમાં શું શીખવવામાં આવે છે, જે તે કોર્સ કર્યા પછી ઉચ્ચ અભ્યાસ / સ્વરોજગારી / નોકરીની તકો કેવી છે - કયા ફિલ્ડમાં છે ? આ સવાલોના જવાબ પરથી જ આપણી પસંદગીના ત્રણ-ચાર ડિપ્લોમાં અભ્યાસક્રમ નક્કી કરવા. આ અભ્યાસક્રમો કઈ શિક્ષણ સંસ્થાઓ ઉપલબ્ધ છે તે જાણી જે તે સંસ્થા વિશે પણ માહિતી મેળવવી. અને આપ જે તે ક્ષેત્ર ના આપ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ ની પણ મુલાકાત લઈ શકો છો.

આપના પ્રશ્નો અને સૂઝવો અમને અહી મોકલી આપો: ઈમેલ:questions.career corner@ mail.com વોટ્સએપ નંબર: ૮૮૪૯૨૨૧૬૫૩, ફેસબુક: www. facebook.com/ questions.careercorner

# જન્મદિને વધામણી



હરિન ભટ્ટ
સ્કલ્પચર આર્ટીસ્ટ



કિન્નર ઝવેરી
કારોબારી સભ્ય
ગાંધીનગર કલ્ચરલ ફોરમ
મો. ૯૮૨૪૦ ૨૧૧૩૫



યોગેશ બી નાયી
સરપંચ, કોબા ગ્રામ પંચાયત
મો. ૯૪૨૬૦ ૬૩૪૭૧



સુરેશકુમાર રત્નોત્તર
ગાયક, મો. ૯૪૨૮૧ ૧૧૨૬૩



વિભૂતિબા છત્રસિંહ ચૌહાણ



ઠાકરસી ટી લુહાર



જયંતકુમાર રાવલ



મિહીર સુખદેવભાઈ દવે
મો. ૮૭૩૪૯ ૫૭૬૭૮



તેજેન્દ્રકુમાર પટેલ
મો. ૯૯૦૪૧ ૫૮૭૬૨



ક્રિશા યોગેશભાઈ રાઠોડ
મો. ૯૯૦૯૫ ૪૭૨૧૫



મનિષાબેન પટેલ



કૃષ્ણા જયેશ ટાંક



હિરલ હાર્દિક જોષી
મો. ૮૩૩૩૮ ૨૬૭૧૦



પંકજ વી ત્રિવેદી
મો. ૯૦૯૯૯ ૧૬૨૨૭



સુશીલા હેમચંદ્ર થોરાત
મો. ૯૪૨૭૦ ૫૪૧૧૩



જયંતકુમાર બાબુલાલ રાવલ
મો. ૯૪૨૬૩ ૦૨૮૯૩૯



બંસરી શુક્લ

## ૧૬/૦૮/૨૦૨૦ જન્મદિવસ



જયરાજસિંહ સરવૈયા
મો. ૯૮૨૫૨ ૫૩૯૩૩
ઉપપ્રમુખ, કલાગુર્જરી કારોબારી સભ્ય, શિવરંજની, ગાંધીનગર કલ્ચરલ ફોરમ



કુંજ પંકજ ત્રિવેદી
મો. ૯૯૦૯૮ ૩૩૯૭૯



અરવિંદ છગુજી ખાંટ
ગાંધીનગર ભાજપ

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક